
## વડીલોને વંદન અભિનંદન



હિંમતભાઈ નાનાલાલ વૈદ્ય
(૧૯૩૭)ફોન:૨૩૨૩૫૬૧૫



મધુબેન ભગવતીપ્રસાર રાવલ
(૧૯૪૭)



જનાર્દન એસ. જોશી
(૧૯૩૦)ફોન:૨૩૨૬૦૫૫૬



કમળાબેન શાંતિલાલ વ્યાસ
(૧૯૨૯)ફોન:૨૩૨૨૦૩૨૩

# ચિલોડા વિસ્તારમાં ટાબરીયા ગેંગ સક્રિય

## કિંમતી ચીજવસ્તુ ભરેલા વધુ એક થેલાની ઉઠાંતરી

ચિલોડા, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેસ દ્વાર સમા ચિલોડા જંકશન મથકની આજબાજુ અનવેક વેપારી સંકુલો અને કોમ્પ્લેક્ષોની હારમાળા સર્જાતા લોકોની ભારે અવરજવરથી ભારે ભીડની દશ્યો સર્જાય છે. જેનો સીધો લાભ નાની મોટી ચોરી કરવામાં નાના ટાબરીયા પોતાનું નસીબ અજમાવતા માલુમ પડી રહ્યા છે.

છેલ્લા કેટલાય દિવસથી આ વિસ્તારમાં વેપારી વર્ગ તથા નોકરીયાત વર્ગ પોતાના ધંધા રોજગાર અર્થે આવતા પોતાના થેલા નજરફેર થતાં પળવારમાં ગાયબ થઈ જતા સૌ ચિંતાતુર બન્યા છે. આવા કિસ્સામાં ચિલોડા ગામના ખેતીવાડી વિસ્તરણ અધિકારી શ્રી મગનભાઈ ડી. વણકર ચિલોડા અપ્રોચ રોડ પર પોતાના એક મિત્રની કરિયાણાની દુકાને રોજ પ્રમાણે કરિયાણું ખરીદી કરવા પોતાનું એકટીવા દુકાન સામે પાર્ક કરી દુકાનના કાઉન્ટર પાસે ઉભા હતા ત્યારે એકટીવા પર સાગર લક્ષ્મી શકિત બિયારણની થેલીમાં પોતાનું પાકીટ હતું ત્યારે દુકાનમાં ખાંડ લેવા જતાં એકટીવા પાસે આવતાં જોતાં થેલો ગાયબ થઈ ગયો હતો. આ થેલામાં સરકારી કાનન કંપનીનો કેમેરો, પેનડ્રાઈવ તથા સરકારી કાગળિયા હતાં. આ ઉપરાંત અગાઉ એક ડેરીનું ખાનગી વાહન સપ્લાય કરતા વાહનમાંથી મોટી રકમનો થેલો ટાબરીયા લઈ રફુચકકર થતાં ટાબરીયાના પરાક્રમો વધતાં થેલા ઉઠાંતરીના બનાવોથી ગેંગ સક્રિય રીતે કામ કરી રહી હોવાનું વેપારી વર્ગ જણાવી રહ્યો છે.





# ગુજરાતની આવતીકાલને સ્વસ્થ કરવાનું બીડું રાજય સરકારે ઝડપ્યું છે : પ્રદિપસિંહ

હિંમતનગર, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની કડવા પાટીદાર સમાજવાડી ખાતે આજે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાની ખાસ ઉપસ્થિતિમાં માતા યશોદા એવોર્ડ વિતરણ, માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધી સહાય વિતરણ અને મહિલા ખેલાડીઓનેપુરસ્કાર વિતરણનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે કાયદો અને ન્યાય તેમજ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતની આવતીકાલને સ્વસ્થ કરવાનું બીડું રાજય સરકારે ઝડપ્યું છે ત્યારે આ મહાઅભિયાનનો ખરો યશ આંગણવાડીની બહેનોને જાય છે. રાજય સરકાર દ્વારા નંદઘરનું નિર્માણ કરી ગામડાઓના અતિપછાત એવા બાળકોને પુરક પોષણ અને આરોગ્યની જાળવણી કરી કુપોષણ માંથી બહાર લાવવામાં મોટો ભાગ ભજવ્યો છે.



વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા મહિલા ઉત્થાનની કામગીરીને વિશેષ પ્રાધાન્ય આપી રહ્યું છે ત્યારે બાળકીઓના શિક્ષણ માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધીની સ્થાપના કરી વિશેષ સહાય પૂરી પાડવામાં આવે છે. વળી, બાળકો ખેલદિલીની ભાવના પેદા થાય તે માટે ખેલમહાકુંભના માધ્યમથી ગુજરાતના બાળકોને રમતા કર્યા છે.

આ મહિલા સંમેલન અને



ત્રિવિધ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના ૨ તથા તાલુકા/ઘટક કક્ષાના મળી ૪૮ મળી કુલ ૫૦ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો તેમજ ૧૧ કન્યાઓને કન્યા કેળવણી નિધિ સહાય અને ૪૭ મહિલા ખેલાડીઓને વિશેષ પુરસ્કાર મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રીશ્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા સાંસદશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેમલતાબેન પટેલ ઉપરાંત જિલ્લા સમાહર્તાશ્રી શાહમીના હુસૈન, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિકુમાર અરોરા, જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન નેહાબેન પટેલ, કારોબારી સમિતિના ચેરમેન વનરાજસિંહ, શિક્ષણ સમિતિના ચેરમેન શાન્તાબેન પટેલ સહિત જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, જિલ્લાના આઈસીડીએસ, આરોગ્ય અને રમત ગમત વિભાગના અધિકારી/કર્મચારીગણ સહિત જિલ્લાની આંગણવાડી કાર્યકર બહેનો, વિદ્યાર્થીઓ અને વાલીગણ મોટી ઉપસ્થિત રહ્યા હતાં.

# બેવડી ઋતુના લીધે તલોદમાં વાયરલ ફીવરનો પગ પેસારો

## સરકારી-ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાયા

તલોદ, તા.૨૩

ફાગણ માસના આગમન બાદ વાતાવરણમાં ઠંડી અને ગરમીની મિશ્ર અસર વર્તાઈ છે. દિવસ દરમિયાન ઉનાળાનો અહેસાસ કરાવતી ગરમી અને મધ્યરાત્રે અસહ્ય ઠંડીના માહોલ વચ્ચે પ્રજાજનો બેવડી ઋતુ અનુભવી રહ્યા છે. ડબલ સિઝન વચ્ચે વાયરલ ફીવરે જોર પકડયું હોવાનું સુત્રો દ્વારા જાણવા મળેલ છે. દવાખાનાઓમાં તાવ, શરદી અને ઉધરસના દર્દીઓ જોવા મળતા હોય છે. નાના બાળકોના આરોગ્ય ઉપર વિચિત્ર મોસમની અસર કંઈક વિશેષ વર્તાઈ રહી છે. દિવસ દરમિયાન આકરી ગરમીના લીધે પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે. બપોરનો તાપ અસહ્ય બનતાં ઘરો અને ઓફીસોમાં એસી અને પંખાનો ઉપયોગ થઈ રહ્યો છે. બીજી તરફ રાત્રે અચાનક જ વાતાવરણમાં કાળા વાદળો છવાઈ જતા ઠંડક પ્રસરી જાય છે. જયારે વહેલી સવારે પણ અતિ ઠંડક પ્રસરેલી હોવાથી ઉનાળાના આગમનના સમયે પણ ઠંડીએ પોતાનો કબજો જમાવી રાખ્યો હોવાનો અહેસાસ પ્રજાજનોને થઈ રહ્યો છે. તાપમાનના પારાની વધઘટ વચ્ચે બેવડી ઋતુથી પ્રભાવિત જન આરોગ્ય પર પણ વિપરીત અસર જોવા મળી રહી છે. ઠંડી ગરમીની મશ્રિત ઋતુના કારણે વાયરલ ફીવરના વાયરાએ જોર પકડયું હોવાનું લોક મુખે જાણવા મળેલ છે. ગળામાં દુઃખાવાની ફરિયાદ સાથે બાળ દર્દીઓની સંખ્યા અતિ વિશેષ હોવાનું જાણવા મળેલ છે. નાના બાળકોમાં પણ બેવડી ઋતુનાં લીધે બાળકોના આરોગ્ય ઉપર વિપરીત અસર જોવા મળે છે. હવે તો હોળીના તહેવારોને પણ મોંઘવારીનું મસ મોટું ગ્રહણ નડતું હોય તેમ તબીબોની સેવામાં ધરખમ ઉછાળો આવ્યો છે.

# ભાડે લીધેલી બસ પોતાની કરી બારોબાર વેચી નાખી

અમદાવાદ, તા.૨૩

મોટા શહેરોમાં ચોરી લૂંટફાટ છેતરપીંડી જેવા અનેક બનાવો રોજ થતા રહે છે ત્યારે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલા બનાવો પણ એટલા જ બનતા રહે છે. એવા જ એક બનાવ આપણી પાસે આવ્યો છે જેમં છ માસ પહેલા માસિક ભાડેથી ફેરવવા લીધેલી બસ ત્રણ આરોપીઓએ પોતાની કરીને બારોબાર વેચી નાખી વિશ્વાસઘાત કર્યો છે જેની ફરિયાદ રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. વિગતવાર માહિતી મુજબ ૧૮-૧૧-૨૦૧૦ના છ માસ પછી આરોપી (૧)પીરોજભાઈ શેરખાન પઠાણ(રહે. કૈયુબપાર્ક સોસાયટી, વિશ્વનગર ફલેટની બાજુમાં, તલાવડી, નડિયાદ) (૨) મનસુખબાઈ બાવાભાઈ સોમેશ્વર(રહે. ચિત્રકુટ હાઉસિંગ નવા નરોડા નીકોલ રોડ) અને (૩) મનજીતબાઈ જગદીશભાઈ હુન્ડા(રહે વિરાટનગર સોસાયટી, ઓઢવ) આ ત્રણેય આરોપીઓએ ભેગા મળીને હીરાબહેન કરૂણાશંકર પુરોહીત(રહે. સુમીનનગર ભાવના સ્કૂલની પાછળ, વસ્ત્રાલ રોડ)ની લકઝરી બસ નંબર જીજે ૯૫૬૧ માસીક રૂપિયા ૫૦૦૦૦ના ભાડેથી ફેરવવા માટે લીધી હતી. ત્યારબાદ આ ત્રણેય આરોપીઓએ ભેગા મળીને હીરાબહેનની લકઝરી બસ બારોબાર વેચી નાંખીને છેતરપિંડી કરી છે. આ અંગેની ફરિયાદ હીરાબહેન પુરોહીતે ૨૨-૩-૨૦૧૩ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. આરએલ દવે આગળ ચલાવી રહ્યા છે.

# સરકારી કોલેજોમાં વર્ગ-૩ની ખાલી જગ્યાઓ ભરવા કોંગ્રેસની માંગ

ગાંધીનગર, તા.૨૩

રાજયની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ વિનયન વાણિજય વિજ્ઞાન ટેકનીકલ શિક્ષણની કોલેજોમાં લાંબા સમયથી ખાલી વર્ગ-૩ની જગ્યાઓ તાકીદે ભરવાની માંગણી કરતાં કોંગ્રેસે જણાવ્યું છે કે આ જગ્યાઓ ભરવામાં આવે તો શિક્ષણની સ્થિતિમાં સુધારો થાય અને નોકરીથી વંચિત લાયકાત ધરાવતા યુવાનોને નોકરીની તક મળે.

રાજયમાં આવેલી સરકારી વિનયન વાણિજય વિજ્ઞાન અને ટેકનીકલ શિક્ષણની કોલેજની લેબોરેટરી આસિસ્ટન્ટ પી.ટી.આઈ. અને ગ્રંથાલય સ્ટોરકીપર ઈન્સ્ટ્રકટર એમ કુલ મળીને ૭૬૬ જેટલી જગ્યાઓ છેલ્લા દશ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે. જેના માટે ભાજપની સરકારની શિક્ષણ પ્રત્યેની ઉદાસીન વલણ જવાબદાર હોવાનો આક્ષેપ પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા ડૉ. મનીષ દોશીએ કર્યા હતાં.

રાજય સરકાર પર આક્ષેપ કરતાં મનીષ દોષીએ જણાવ્યું હતું કે રાજયની સરકારી અને ગ્રાન્ટ ઈનએઈડ સંસ્થાઓની માળખું તોડી નાંખવા માટે ભાજપ સરકાર પ્રતિબધ્ધ હોય તે રીતે છેલ્લા ૧૫ વર્ષથી આડેધડ પગલા અમલમાં મુકે છે. રાજયની સરકારી વિનયન વાણિજય વિજ્ઞાન કોલેજોની વર્ગ-૩ની લેબોરેટરી આસીસ્ટન્ટની ૫૪ પી.ટી.આઈ.ની ૪૦ અને ગ્રંથપાલની ૩૬ એમ કુલ ૧૩ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે જયારે ટેકનીકલ શિક્ષણ સંસ્થાઓમાં સ્ટોરકીપરની ૪૩ પ્રયોગશાળા મદદનીશની ૨૯૦ અને ઈન્સ્ટ્રકટરની ૩૦૩ જગ્યાઓ એમ કુલ ૬૩૬ જગ્યાઓ દસ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.

રાજયની સરકારી કોલેજોના વર્ગ-૩ની ૭૬૬ ખાલી જગ્યાઓના કારણે લેબોરેટરી વર્ક અને વહીવટી કામ પર ગંભીર અસર પડે છે તેવો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે રાજયની ભાજપ સરકાર ઉત્સવો અને તાયફા પાછળ કરોડો રૂપિયા વેડફી નાંખે છે પણ સરકારી સંસ્થાઓમાં ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી ભરતી પ્રક્રિયા ન કરવાને કારણે આ સંસ્થાઓની ગુણવત્તા ઉપર ભારે અસર પડી છે.

સરકારી સંસ્થાઓમાં ઓછી ફીના કારણે સામાન્ય મધ્યમ વર્ગના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ ખાસ પસંદ કરતા હોય છે ત્યારે ભાજપ સરકાર લાંબા સમય સુધી જરુરી અધ્યાપકો અને કર્મચારીઓની નિમણુંક ન કરીને સામાન્ય મધ્યમ વર્ગના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓના ભવિષ્ય સાથે રમત રમી રહી છે. દેશમાં આજે શિક્ષણ ક્ષેત્રે ગુજરાત ૧૬માં ક્રમાંકે ધકેલાઈ ગયું છે તેના માટે ભાજપ સરકારની નિષ્ક્રીયતા જવાબદાર છે.

## ગમખ્વાર અકસ્માત

● અનુસંધાન પહેલાનું ચાલુ


ખેડબ્રહ્મા-અમદાવાદ લોકલ ટ્રેન અને રીક્ષા વચ્ચેના અકસ્માતમાં છ ને કાળ ભરખી ગયો છે. ત્યારે અન્ય છ વ્યક્તિઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યુંછે. રખિયાલ પોલીસમથકના પી.એસ.આઈ. કે.ડી. પ્રજાપતિએ આ બનાવ અંગે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ આરંભી છે.

## નવો એક્શન પ્લાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુકી તેમાં તે ડીવાઈસ છુપી જગ્યાએ ઈન્સ્ટોલ કરી દેશે. આ ડીવાઈસ લગાડેલા વાહન જ્યારે પણ સ્થળ પરથી સ્હેજ પણ ખસશે કે તુરત જ પોલીસના ધ્યાને આવી જશે તેવી આ સીસ્ટમ છે. એક પોલીસ કોન્સ્ટેબલ પોલીસ સ્ટેશન બેઠા બેઠા ઈન્ટરનેટ મારફતે સતત ઓનલાઈન મોનીટરીંગ કરશે. અને જેવું તે ડીવાઈસવાળુ વાહન જગ્યાએથી હલશે કે તુરત જ કંટ્રોલમાં નાકાબંધીનો મેસેજ કરાવીને વાહનચોરને રંગેહાથ પકડી લેવાસે. ગણતરીના દિવસોમાં જ આ હાઈટેક સિસ્ટમની મદદથી વાહનચોરોને પકડી પાડવા માટેનો એકશન પ્લાન ગાંધીનગર શહેર પોલીસ અમલી બનાવી દેશે.

## શબ્દાવલી - ૫૦૧૬



### આડી ચાવી

૧. ભાગ્યે જ એકાદુ (૪)
૩. રૂચી-ઈચ્છા ન હોવી તે (૩)
૬. પાણીવાળુ, જોરાવર (૪)
૭. બાળપણ (૩)
૯. ‘કલી’ શબ્દ ઊંધો (૨)
૧૦. ... કરવી, ઉપરાણું (૩)
૧૨. ઢોરને ખાવાનું એક પ્રકારનું ઘાસ (૨)
૧૩. ભાંગેલુ (૨)
૧૬. પ્રધાન (૨)
૧૭. નવ કલરનું (૪)
૧૯. જોગવાઈ (૨)
૨૧. આકાશ (૨)
૨૨. શોધ, મળવું તે (૨)

### ઊભી ચાવી

૧. કાવ્ય શૈલીમાં ના હોય તેવું (૪)
૨. અર્જુનનું કામઠું (૩)
૩. દૂર્યોધનને પાંડવોને સોયની ... જેટલી પણ જમીન આપવાની ના પાડી (૨)
૪. શોક પ્રસંગે રોવા જાય તે (૩)
૫. લાંબુ, મોટું (૨)
૬. પથારીનો સામાન, બિછાનું (૪)
૮. સગુન (૩)
૧૦. પાની, એડી (૨)
૧૧. લીન, તલ્લીન (૨)
૧૩. ભાઈનો દીકરો (૩)
૧૪. સન્માન (૨)
૧૫. શરૂઆત (૨)
૧૮. વગડો (૨)
૨૦. તાકાત, શક્તિ (૨)

### શબ્દાવલી ૫૦૧૫ના જવાબ

**આડી ચાવી :-** (૨) નકુચો (૪) ખાસ (૬) યશ (૯) તરબોળ (૧૧) રેશમ (૧૨) ચીડ (૧૩) વડુ (૧૫) હાલ (૧૬) ઓટ (૧૭) પારો (૧૯) જણ (૨૦) નાયક (૨૧) ઉપનામ

**ઊભી ચાવી :-** (૧) પ્રિયતમ (૩) કુંપળ (૫) સહમત (૭) સર (૮) ઘરેડ (૧૦) બોતડુ (૧૨) ચીવટ (૧૩) વલણ (૧૪) ઉપાય (૧૫) હાજર (૧૬) ઓછપ (૧૮) રોકડ (૨૦) નામ

# બનાસકાંઠા જિલ્લાના અગ્રણીઓ અને અધિકારીઓએ નડાબેટ નજીક આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાત લીધી

પાકિસ્તાન તથા રાજસ્થાન સાથેની સીમાઓ ધરાવતો બનાસકાંઠા જિલ્લો વિશેષ ભૌગોલિક રચના અને આગવું ખમીર ધરાવે છે. ડાયમન્ડ બિઝનેસમાં બનાસકાંઠાના વેપારીઓએ વિશ્વ કક્ષાએ અગ્ર હરોળમાં સ્થાન જમાવ્યું છે તો આ જિલ્લાના શ્રેષ્ઠી અને દાનવીરોએ સેવાકીય પ્રવૃત્તિઓની પણ દેશભરમાં સુવાસ પ્રસરાવી છે. જિલ્લાના થરાદ અને વાવ તાલુકા પાકિસ્તાન જેવા દેશની આઅંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા છે. આંતરરાષ્ટ્રીય સરહદથી દેશના નાગરિકો માહિતગાર બની મુલાકાત લઈ શકે તે હેતુસર નડાબેટ નજીક આંતરરાષ્ટ્રીય બોર્ડર પાસે ટુરીઝમ પોઈન્ટ વિકસાવવાનું સંગીન આયોજન બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ પરિપ્રેક્ષમાં જિલ્લાના આગેવાનો, પત્રકાર મિત્રો અને અધિકારીઓએ કુલ મળી આશરે ૧૦૦ જેટલા નાગરિકોએ આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાત લીધી હતી.

આંતરરાષ્ટ્રીય સીમા ઉપર લોખંડની કાંટાળી તાર અને અત્યાધુનિક હથિયારો સાથે સજ્જ બી.એસ.એફ.ના જવાનોને જોઈને સૌને રોમાંચ સાથે આનંદનો અનુભવ થયો હતો. બી.એસ.એફ.ના ઓફિસરો અને જવાનો દ્વારા મુલાકાતે ગયેલ સૌ આગેવાનો, પત્રકારો અને જિલ્લાના અધિકારીઓનું સરસ સ્વાગત કરવામાં આવ્યુંહતું. બી.એસ.એફ.ના કમાન્ડન્ટ શ્રી સુખવીંદરસિંહે મુલાકાતમાં જણાવ્યું હતું કે આપણા દેશની સીમાનું રક્ષણ કરવા અને તેની સલામતી સાચવી રાખવા અમે જુસ્સાપૂર્વક તૈયાર છીએ અને કોઈ પણ સંજોગોનો સામનો કરવા અમે હંમેશા તૈયાર જ હોઈએ છીએ. તેમણે કહ્યું કે, માતૃભૂમિની રક્ષા કરવી એ જ અમારું જીવન અને અમારા જીવનનું સર્વસ્વ લક્ષ્ય છે. તેમણે આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ગોઠવાયેલ સુરક્ષા અંગે કેટલીક વિગતો આપી હતી. જિલ્લાના આગેવાનો અને પત્રકાર મિત્રોએ પૂછેલા પ્રશ્નોના પણ તેમણે સરસ જવાબો આપ્યા હતાં.

આંતરરાષ્ટ્રીય બોર્ડર સાથેની આ મુલાકાતમાં પૂર્વ મંત્રીશ્રી હરજીવનભાઈ પટેલ, પૂર્વ સાંસદ સર્વશ્રી લેખરાજભાઈ બચાણી, શ્રી હિરભાઈ ચૌધરી, બનાસ ડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળ, વિવિધ એનજીઓના હોદ્દેદારો, હોટલ માલિકો, ડોકટર સર્વશ્રી સુરેન્દ્ર ગુપ્તા, શ્રી ગિરધરભાઈ પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી સુધીર પટેલ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી બી.એસ. પટેલ, નાયબ કલેકટરશ્રી જી.એસ. નાયક, નાયબ માહિતી નિયામક શ્રીમતી કાન્તાબેન પટેલ અને મિડીયાના મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

## વિપક્ષોનો હલ્લાબોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દુર કર્યા હતા અને જયારે રાજયપાલ ડો. કમલા બેનીવાલે જસ્ટીસ આર. એ. મહેતાની નિમણૂંક કરી ત્યારે રાજયપાલ સામે આક્ષેપો કર્યા હતા.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે જે -માણે અહેવાલો મળી રહ્યાં છે તે મૂજબ ભાજપ સરકાર ૧૯૮૬?? લોકાયુક્ત કાયદામાં કલમ ૩ કે જેમાં લોકાયુક્તની નિમણૂંકની -ક્રિયા દર્શાવવામાં આવી છે તેમાં ધરમૂળથી ફેરફાર કરીને હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અને વિપક્ષના નેતાના અધિકારો છીનવાય જાય તથા મુખ્યમંત્રી દ્વારા નિયુક્ત સમિતિ (કોલેજીયમ) જ ભલામણ કરે એવી જોગવાઈ કરવા માંગે છે. દેખીતી રીતે જ મુખ્યમંત્રીના અધ્યક્ષ પદ વાળી આ સમિતિમાં તેમનો જ સીક્કો ચાલશે. આ એક -કારે ભાજપની સાજીસ કહી શકાય અને કોંગ્રેસ તેનો વિધાનસભાની અંદર અને વિધાનસભાની બહાર વિરોધ નોંધાવશે.

**જીપીપી શું કહે છે.....**

જયારે જીપીપીના અગ્રણી અને પૂર્વ મુખ્યમંત્રી તથા જેઓ વર્ષો સુધી ન્યાયતંત્ર સાથે સંકળાયેલા રહ્યા તેવા સુરેશ મહેતાએ પણ લોકાયુક્ત કાયદામાં સુધારો કરવાની બાબતનો વિરોધ કર્યો છે. તેમનું માનવું છે કે આ -કારનો સુધારો એ સમવાય તંત્ર અને બંધારણીય સત્તા ઉપર તરાપ સમાન છે. કેમ કે, દેશની સંસદમાં પણ આ -કારનો કાયદો આવવાનો છે ત્યારે ગુજરાત સરકારે વર્તમાન કાયદામાં સુધારો કરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી.

તેમણે એમ પણ કહ્યું કે જસ્ટીસ આર. એ. મહેતાની નિમણૂંકના મુદ્દે રાજયપાલ અને ગુજરાત સરકાર વચ્ચે જે કાનૂની જંગ ચાલી રહ્યો છે તેમાં મોટા-મોટા વકીલોની તગડી ફી બન્ને પક્ષે -જાની તીજોરીમાંથી આપવામાં આવી રહી છે. આ ઉપરાતં લોકાયુક્ત ભવનની ઝાળવણી તથા સ્ટાફનો પગાર વગેરે પાછળ છેલ્લા ૯ વર્ષથી દર વર્ષે રૂ. ૩૩ લાખનો ખર્ચ થઈ રહ્યો છે. લોકાયુક્તના અભાવે વર્ષોથી ૧૪ અરજીઓ પણ પડતર પડી છે.

તેમણે સંસદીય -ણાલીકાનો મુદ્દો ઉપસ્થિત કરીને કહ્યું કે જયારે વિધાનસભાના આ સત્રમાં રાજયપાલે -વચન આપ્યું ત્યારે તેમના લેખીત -વચનમાં રાજય સરકાર દ્વારા વિધાનસભામાં કયા-કયા વિધેયકો આવશે તેની યાદીમાં લોકાયુક્ત વિધેયકનો કોઈ ઉલ્લેખ જ નહોતો. પરીણામે રાજયપાલના -વચનમાં જે વિધેયકનો ઉલ્લેખ નથી તેને ગૃહમાં રજૂ કરવા દેવું કે કેમ તે હવે વિધાનસભાના અધ્યક્ષે નક્કી કરવાનું રહે છે. સરકારની આ હિલચાલ બંધારણીય અને સમવાયતંત્રના માળખાને અનુરૂપ નથી. એક તરફ મુખ્યમંત્રી દેશ આખામાં ગુજરાત મોડલની વાત કરી રહ્યા છે ત્યારે બીજી તરફ ગુજરાતમાં તેઓ કથિત ભ્રષ્ટાચારની તપાસ માટે લોકાયુક્તની નિમણૂંક થવા દેતા નથી. આ કેવા -કારનું મોડલ છે ?

જયારે જીપીપીના અન્ય અગ્રણી ગોરધન ઝડફીયાએ રાજય સરકારે વિધાનસભામાં પસાર કરેલા સિંચાઈ અને પાણી વ્યવસ્થા નિકાલ કાયદાને કાળો કાયદો અને ખેડૂત વિરોધી જણાવી ૨૫ માર્ચના રોજ તમામ જિલ્લામથકોએ આ કાયદાની હોળી કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત જે તે જિલ્લા કલેકટરોને આવેદનપત્ર પણ આપવામાં આવશે. જીપીપીના સુરેશ મહેતાએ આ કાયદાના સંદર્ભમાં એવું અવલોકન કર્યુ કે ખરેખર તો ભાજપ સરકાર આ કાયદાના ઓથા હેઠળ ગુજરાતના સમગ્ર કૃષિતંત્ર અને ખેડૂતો ઉપર પોતાની પક્કડ જમાવવા માંગે છે કેમ કે આ કાયદાની કેટલીક જોગવાઈએ એવી છે કે જેમાં ખેડૂતને પોતાના જ ખેતરમાં કુવો કે બોરવેલ કરવા માટે સરકાર દ્વારા નિયુકત કેનાલ ઓફીસર પાસેથી લાયસન્સ મેળવવો પડશે.

MOTOR ACCIDENT CLAIMS JURISDICTION, MUMBAI.
(Notice UnderSection260(1) of Maharastra Motor Vehicle Act-1989 )
APPLICATION NO.: 2482/2010
Shital Suhas Chavan & anr...Applicant.
V/s
Maulik R. Trivedi .... Opponent.
AND
United India Insu. Co. Ltd .... Insurer
To,
Maulik R. Trivedi,
Add:- Jeevanpura, At Post- Sanathal, Tal. Sanand, Dist. Ahamadabad.
To,
where as per the Attached Application, Applicant have lodged Application against you to claim compenstion Under Section 166 &140 A of Motor Vehicle Act- 1988 regarding the mentioned accident Under Section165 clause (1) of Motor Vehicle Act 1988. Therfore you should remail present in Court No. 3 on 30/03/2013 at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kindly note this.
This Notice issued today on 06/08/2012 with my signature and seal of the judiciary Court.
SEAL
By Order
For Administrator
M.A.C.Jurisdiction,Mumbai.
9,H.S.Road ,Mumbai-400001.

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
ઘરસંભાળ માટે મહિલા, આધેડ, વિધુર, બ્રાહ્મણ પુરુષ માટે નિરાધાર આધેડ મહિલા રહેવા-જમવાની વ્યવસ્થા છે
મો. : ૯૪૨૬૨ ૫૫૩૦૯